વધતા પ્રદૂષણ અને મિડલ ઇસ્ટમાં યુદ્ધને પગલે દક્ષિણ ગુજરાતનો ચીકુ ઉદ્યોગ દબાણ હેઠળ

# ચીકુની નિકાસ ઠપ, ક્વોલિટી ઉત્પાદન ઘટ્યું

**વર્ષમાં** બે વાર માવઠા અને વાવાઝોડાને લીધે ફળો પડી જતાં ચાલુ વર્ષે ચીકુનું ઉત્પાદન ઘટ્યું: જયેશ દેલાડ

**છેલ્લા** 10 વર્ષમાં ગ્લોબલ વોર્મિંગ, ઔદ્યોગિક પ્રદૂષણને લીધે ચીકુનાં ઉત્પાદનમાં 25 ટકાનો ઘટાડો

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં બાગાયતી ફળોમાં ચીકુ ઉદ્યોગ હાલ અનેક પડકારો વચ્ચે સંઘર્ષ કરી રહ્યો છે.

ખેડૂત અગ્રણી અને સહકારી આગેવાન જયેશ એન.પટેલ (દેલાડ) એ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં જ્યાં ચીકુ વાડીઓ આવી છે, એની નજીક ઉદ્યોગોની સંખ્યા વળતા ગ્લોબલ વોર્મિંગ અને ઔદ્યોગિક પ્રદૂષણને લીધે છેલ્લા 10 વર્ષમાં ચીકુના ઉત્પાદનમાં 25 ટકાનો ઘટાડો થયો છે. ઉપરાંત ચાલુ વર્ષમાં બે વાર માવઠા અને વાવાઝોડાને લીધે ફળો પડી જતાં ચીકુનું ઉત્પાદન ઘટ્યું છે. આવું કેરીના પાકનું પણ થયું છે અને સરકારને બાગાયતી પાકનું વળતર ચૂકવવા માંગ કરી છે. એક તરફ કમોસમી વરસાદ અને વાવાઝોડા જેવા કુદરતી પરિબળો છે તો બીજી તરફ વૈશ્વિક બજારમાં અસ્થિરતા અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓના કારણે નિકાસ વેપાર પર અસર પડી રહી છે. તેમ છતાં, આ વિસ્તાર હજુ પણ દેશના મહત્ત્વપૂર્ણ ચીકુ ઉત્પાદક કેન્દ્ર તરીકે ઓળખાય છે.

**20 થી 25 હજાર હેક્ટરમાં ચીકુની વાડીઓ**

નવસારી, વલસાડ અને સુરત જિલ્લાઓને મળીને દક્ષિણ ગુજરાતમાં અંદાજે 20,000 થી 25,000 હેક્ટર વિસ્તારમાં ચીકુની ખેતી થાય છે. ખાસ કરીને નવસારી, મરોલી, આલીપોર, ચીખલી, ગણદેવી, અમલસાડ અને વલસાડ વિસ્તાર "ચીકુ બેલ્ટ" તરીકે ઓળખાય છે. અહીંનું હવામાન અને જમીન ચીકુ માટે અનુકૂળ હોવાથી ઉચ્ચ ગુણવત્તાવાળું ઉત્પાદન મળે છે.

જયેશ દેલાડ વધુમાં જણાવે છે કે, વૈશ્વિક પરિસ્થિતિથી નિકાસ પર અસર પડી છે. મિડલ ઈસ્ટ અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધ જેવી પરિસ્થિતિઓના કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધ્યો છે અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપ આવ્યો છે. જેના કારણે નિકાસમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. વેપારીઓ માટે ડોલર રેટ અને લોજિસ્ટિક્સ પણ પડકારરૂપ બન્યા છે. ડોમેસ્ટિક માર્કેટ મજબૂત હોવાના કારણે ઉદ્યોગ હજુ ટકી રહ્યો છે. ખેડૂતો અને વેપારીઓ સરકાર પાસે નિકાસને પ્રોત્સાહન, કોલ્ડ સ્ટોરેજ સુવિધા અને વીમા સહાય જેવી માંગ કરી રહ્યા છે.

### વાર્ષિક ઉત્પાદન 1.2 લાખ મેટ્રિક ટન આસપાસ

દક્ષિણ ગુજરાતમાં ચીકુનું વાર્ષિક ઉત્પાદન અંદાજે 1.2 થી 1.3 લાખ મેટ્રિક ટન સુધી રહે છે. જોકે છેલ્લા દાયકામાં ઉત્પાદન ક્ષમતામાં લગભગ 25 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. સરેરાશ ઉપજ 8 થી 12 ટન પ્રતિ હેક્ટર રહે છે, પરંતુ હવામાનની અસરોને કારણે તેમાં ફેરફાર થાય છે.

### ડોમેસ્ટિક માર્કેટ મજબૂત આધાર

ચીકુના કુલ ઉત્પાદનમાંથી અંદાજે 70 ટકા કરતાં વધુ ભાગ દેશના અંદરના બજારમાં વેચાય છે. અમદાવાદ, મુંબઈ, સુરત, દિલ્હી સહિતના મોટા શહેરોમાં દક્ષિણ ગુજરાતના ચીકુની સારી માંગ રહે છે. APMC મંડીઓ અને હોલસેલ વેપારીઓ દ્વારા સપ્લાય થાય છે. તાજેતરમાં ચીકુના પલ્પ, શેક અને આઈસ્ક્રીમ જેવા પ્રોસેસિંગ ઉત્પાદનો માટે પણ માંગ વધતા ખેડૂતોને થોડી રાહત મળે છે.

### એક્સપોર્ટ માત્ર 5-10 ટકા, છતાં મહત્ત્વપૂર્ણ

ખેડૂત અગ્રણી જયેશ એન પટેલ (દેલાડ) કહે છે કે, દક્ષિણ ગુજરાતમાંથી ચીકુનો નિકાસ કુલ ઉત્પાદનના અંદાજે 5થી 10 ટકા જેટલો થાય છે. મિડલ ઈસ્ટ દેશો (UAE, સાઉદી અરેબિયા, કતાર, ઓમાન) ઉપરાંત અમેરિકા અને યુરોપના કેટલાક ભાગોમાં ચીકુ મોકલવામાં આવે છે. નિકાસ માટે ખાસ ગ્રેડિંગ, પેકિંગ અને કોલ્ડ ચેઇન વ્યવસ્થા જરૂરી હોવાથી ખર્ચ વધુ આવે છે.

વસતીના ધોરણથી મુક્તિ મળતા બેઠકોમાં વધારો શક્ય

# 10 લાખથી ઓછી વસતી ત્યાં પણ નવી મેડિકલ કોલેજોને મંજૂરી

**NMCના** નવા નિયમોથી 150થી વધુ MBBS બેઠકો મંજૂર, હોસ્પિટલ-કોલેજ અંતર પણ લવચીક બન્યું

સુરતઃ દેશભરમાં મેડિકલ શિક્ષણને વધુ વ્યાપક બનાવવા માટે નેશનલ મેડિકલ કમિશન (NMC) એ મહત્ત્વપૂર્ણ સુધારા જાહેર કર્યા છે. અત્યાર સુધી મેડિકલ કોલેજ શરૂ કરવા માટે લાગુ પડતા કડક ધોરણોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે, જેના કારણે આવનારા સમયમાં મેડિકલ કોલેજોની સંખ્યા અને MBBS બેઠકોમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.

સૌથી મોટો ફેરફાર વસતિના ધોરણમાં કરવામાં આવ્યો છે. અગાઉ 100 MBBS બેઠકો ધરાવતી મેડિકલ કોલેજ માટે સંબંધિત વિસ્તારમાં ઓછામાં ઓછા 10 લાખની વસતિ જરૂરી ગણાતી હતી. હવે આ શરત સંપૂર્ણપણે દૂર કરી દેવામાં આવી છે. એટલે કે હવે કોઈપણ વિસ્તારમાં, વસતિ ગમે તેટલી હોય, જરૂરી સુવિધાઓ હોય તો મેડિકલ કોલેજ શરૂ કરી શકાશે. આ સાથે બેઠકોની મર્યાદા પણ હળવી કરવામાં આવી છે. અગાઉ નવી મેડિકલ કોલેજ માટે વધુમાં વધુ 150 બેઠકોની જ મંજૂરી મળતી હતી. હવે નવા નિયમો મુજબ જો સંસ્થાઓ પાસે પૂરતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફ ઉપલબ્ધ હોય તો 200 કે 250 જેટલી બેઠકો માટે પણ મંજૂરી મળી શકે છે. આ નિર્ણયથી મેડિકલ શિક્ષણની ઉપલબ્ધતા વધારવામાં મદદ મળશે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ નવા નિયમોનો ખાસ લાભ ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોને મળી શકે છે, જ્યાં મેડિકલ શિક્ષણ માટે માંગ વધુ છે અને નવી સંસ્થાઓ શરૂ કરવાની તૈયારી પણ છે.

### હોસ્પિટલ-કોલેજ વચ્ચે હવે 10 કિમીનું અંતર માન્ય રહેશે

હોસ્પિટલ અને મેડિકલ કોલેજ વચ્ચેના અંતરના નિયમોમાં પણ રાહત આપવામાં આવી છે. અગાઉ બંને વચ્ચે 30 મિનિટની મુસાફરીમાં પહોંચાય તેવું અંતર હોવું જરૂરી હતું. હવે સામાન્ય વિસ્તારોમાં 10 કિલોમીટર સુધીનું અંતર માન્ય રાખવામાં આવ્યું છે, જ્યારે પહાડી અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં આ મર્યાદા 15 કિલોમીટર સુધી રાખવામાં આવી છે.

### 100થી વધુ સંસ્થાઓએ મેડિકલ કોલેજ માટે અરજી કરી

હાલમાં NMCએ 2026-27 માટે નવી મેડિકલ કોલેજોની મંજૂરી માટે અરજીઓ મંગાવી લીધી છે અને અંદાજે 100થી વધુ સંસ્થાએ અરજી કરી દીધી છે. જોકે, નિયમોમાં આકસ્મિક ફેરફાર થતાં હવે એક પ્રશ્ન ઊભો થયો છે કે પહેલેથી જ કરાયેલી અરજીઓ જૂના નિયમો અનુસાર મૂલ્યાંકન થશે કે નવા નિયમો મુજબ. આ બદલાવોથી મેડિકલ ક્ષેત્રમાં સ્પર્ધા વધવાની સાથે વધુ વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણ મેળવવાની તક મળશે, અને આરોગ્યસેવાની ઉપલબ્ધતા સુધરવાની પણ આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ટેબ ક્લિનિક્સ દ્વારા હાડકા-સાંધાના હઠીલા દર્દનો આયુર્વેદિકથી ઈલાજ

સુરતઃ હાડકાં-સાંધા-સ્નાયુઓ તેમજ મણકાના દુઃખાવાઓમાં ૧૦૩, જલનિધિ કોમ્પ્લેક્ષ, નાનપુરા ખાતે આવેલ ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક ખુબજ લોકપ્રિય થઈ રહ્યું છે.અહીં માત્ર લક્ષણો જ નહીં તેના મૂળ કારણોને જાણીને તેની સારવાર કરવામાં આવે છે. આથી લાંબા ગાળાના પરિણામો મળે છે. ટેબ કિલનિકસમાં આયુર્વેદમાં જણાવેલા દરેક પાસાઓનુ નિરીક્ષણ કરીને, લાંબા સમયના રીસર્ચ પછી વિકસાવેલી સારવાર પધ્ધતિથી દર્દીને સંપુર્ણ રીતે સાજા કરવામાં આવે છે . ટેબની દવાઓ ૧૦૦% શુધ્ધ આયુર્વેદિક દવાઓ છે તેમાં કોઈ પણ પ્રકારની પેઈનકીલર્સ કે સ્ટીરોઈડ્સ હોતા નથી. ટેબની સારવાર માત્ર લક્ષણો જેવા કે દુઃખાવો, સોજો અને જકડાહટ મટાડવાને બદલે ઓપરેશન કર્યા વગર સાંધાઓને અંદરથી રીપર કરે છે આથી સાંધાઓની વચ્ચે રહેલી ગાદી તથા સાયનોવીયલ ફ્લ્યુડ ફરી બનવાનું ચાલુ થાય છે અને સાંધાઓ રીજનરેટ થાય છે. આથી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે, દાદરા ચડ-ઉતર કરી શકે છે. પોતાનું કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે છે. ડાયબીટીસ, કોલેસ્ટ્રોલ, પેસર વ. ની દવાઓ જે રીતે લેતા હોય એમ જ લેવાની ચાલુ રાખીને તેની સાથે ટેબ કલીનીકસની સારવાર લઈ શકાય છે. વળી OPD બેઝ પર સારવાર થતી હોવાથી દર્દીને દાખલ થવાનું હોતું નથી. બલ્કે દર્દી પોતાનું રોજીંદુ કામકાજ કરતાં-કરતાં સારવાર કરી શકે છે. દવાઓથી દુઃખાવો મટાડી શકાય પણ લોહીમાં ભળી ગએલ વાને કઈ રીતે કાઢી શકાય ? ટેબના ઉપચાર થી સાંધા અને સ્નાયુઓ સંબંધિત રકતવિકારો જેમ કે RA Factor, CRP, CPR, ASO, uric acid, લોહીના કણો કે જીવનીય તત્વોની કમી વ. પણ લોહીમાંથી સંપૂર્ણપણે નાબુદ થાય છે. ટેબ કલીનીક સવારે ૧૦ વાગ્યા થી સાંજે ૯ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ચાલુ રહે છે.

# વિદ્યાર્થીઓ માટે વ્યસ્ત વર્ષ: મેમાં સત્ર શરૂ, સપ્ટેમ્બરથી પરીક્ષાઓ

**નર્મદ** યુનિવર્સિટીએ 2026-27નું કેલેન્ડર જાહેર કર્યું

**આંતરિક** કસોટીથી લઈ યુનિવર્સિટી પરીક્ષાઓ સુધીનું સમયપત્રક

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે તબીબી વિદ્યાશાખાનું વિગતવાર એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે, જેમાં મેડિકલ વિદ્યાર્થીઓ માટે આખું વર્ષ વ્યસ્ત રહેવાનું નિશ્ચિત બન્યું છે. ૮ મેથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં જ અભ્યાસક્રમ અને પરીક્ષાઓની સતત પ્રક્રિયા શરૂ થઈ જશે.

યુનિવર્સિટીના પરિપત્ર અનુસાર પ્રથમ વર્ષ MBBSના વિદ્યાર્થીઓ માટે આંતરિક મૂલ્યાંકનને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. નેશનલ મેડિકલ કમિશન (NMC)ની માર્ગદર્શિકા મુજબ તમામ આંતરિક કસોટીઓ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી પૂર્ણ કરવાની રહેશે, જેનાથી વિદ્યાર્થીઓને શરૂઆતથી જ અભ્યાસમાં ગંભીરતા દાખવવી પડશે. આ કેલેન્ડરમાં ખાસ કરીને પરીક્ષાઓના સમયપત્રકને ગોઠવવામાં આવ્યું છે. સપ્ટેમ્બરથી વિવિધ યુનિવર્સિટી પરીક્ષાઓનો પ્રારંભ થવાનો છે, જ્યારે MBBSના અલગ અલગ વર્ષોની પરીક્ષાઓ તબક્કાવાર યોજાશે. ત્રીજા વર્ષ (પાર્ટ-૨)ની પરીક્ષાઓ માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરાશે અને ત્યારબાદ ૨૩ માર્ચથી યુનિવર્સિટી પરીક્ષાઓ શરૂ થશે. પાર્ટ-૧ની પરીક્ષાઓ જુલાઈ મહિનાથી શરૂ થવાની છે. અનુસ્નાતક (PG) અભ્યાસક્રમ માટે પણ સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. રિપીટર બેચની પરીક્ષાઓ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે રેગ્યુલર બેચ માટે ઓગસ્ટ મહિનામાં પરીક્ષાઓ યોજાશે. મહત્વની બાબત એ છે કે રેગ્યુલર PG વિદ્યાર્થીઓએ તેમની થિસીસ ૩૧ માર્ચ સુધી જમા કરાવવી ફરજિયાત રહેશે.

### દિવાળી વેકેશનમાં પણ બે તબક્કામાં રજા

દિવાળી વેકેશનમાં પણ અલગ આયોજન જોવા મળે છે. અધ્યાપકો માટે બે તબક્કામાં રજા રહેશે. પ્રથમ તબક્કો ૨ નવેમ્બરથી ૧૬ નવેમ્બર અને બીજો તબક્કો ૧૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી રહેશે, જ્યારે ૧૭ નવેમ્બર કાર્યદિવસ રહેશે. વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશન ૮ થી ૧૪ નવેમ્બર સુધી મર્યાદિત રાખવામાં આવ્યું છે, જેથી અભ્યાસક્રમમાં વિક્ષેપ ઓછો થાય.

# એંધલ ગામે સુરતની કિશોરીના બળાત્કારમાં બેને 20 વર્ષની સજા

**સાડીના** કારખાનામાં કામ કરતો આરોપી જુનેદ કારખાનેદારની દીકરીને ભગાડી ગયો હતો

**મિત્ર** જુનેદની પ્રેમિકા પર મિત્ર વિવેક દાસે ત્રણ વખત બળાત્કાર ગુજાર્યો

સુરતઃ સાડીનાં કારખાનામાં કામ કરતો નોકર કારખાનેદારની સગીર વયની દિકરીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જઈ ૧૨ દિવસ સુધી એક રૂમમાં રાખી બળાત્કાર કર્યાના કેસમાં બે આરોપીને સ્પેશિયલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

લાલગેટ પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ વરિયાળી બજાર વિસ્તારમાં સાડીનું કારખાનું ધરાવતા ફરિયાદી વેપારીને ત્યાં કામ કરતો આરોપી જુનેદઆલમ મંજુરઆલમ અંસારી ફરિયાદીની ૧૫ વર્ષીય દિકરીને લગ્નની લાલચ આપી તા- ૦૬/૦૧/૨૦૨૫ના રોજ ભગાડી ગયો હતો અને નવસારીના એંધલ ગામે આરોપી વિવેક રમેશ દાસના રૂમ ઉપર લઈ જઈ ગોંધી રાખી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ આરોપી જુનેદઆલમ મજુરી કરવા બહાર જતો ત્યારે આરોપી વિવેક રમેશ દાસે ત્રણ વખત બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો.

આ બનાવની ફરિયાદ નોંધાતાં પોલીસે બંન્ને આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં સ્પેશિયલ પોક્સો કોર્ટે બંને આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

**કાલે ગુજરાત...**

જેવા ક્ષેત્રો પર વિશેષ સેમિનાર અને પેનલ ચર્ચાઓ યોજાશે. સાથે જ આંતરરાષ્ટ્રીય ભાગીદારીને મજબૂત બનાવવા જાપાન, સિંગાપોર, યુક્રેન અને રવાન્ડા જેવા દેશોની સક્રિય હાજરી રહેશે, જ્યારે JETRO, AMCHAM અને KOTRA જેવી વૈશ્વિક સંસ્થાઓ પણ જોડાશે.આ સાથે જ ૧ મે ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સુરતમાં ભવ્ય ઉજવણી યોજાશે, જેમાં Y-જંકશનથી ડુમસ સી-ફ્રન્ટ સુધી પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણ બનશે.

આ વર્ષે VGRCમાં જાપાન, રવાન્ડા, યુક્રેન અને સિંગાપોર ભાગીદાર દેશો તરીકે જોડાયા છે. આ કોન્ફરન્સ દ્વારા દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૧૬ જિલ્લાઓની ઔદ્યોગિક ક્ષમતાને વૈશ્વિક મંચ પૂરો પાડવામાં આવશે.

**ઘી અને...**

પ્રમાણ ઓછું હોવાથી તેને સબસ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ તમામ સંસ્થાઓ અને જવાબદાર ઈસમો વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**મેયર માટે...**

ગોડફાધરની આંગળી પકડી મોવડી મંડળ સમક્ષ લોબીંગ ચાલુ કરી દીધુ છે.

### ડેપ્યુટી મેયર પદ માટે રાજસ્થાની-મરાઠી-ઉત્તર ભારતીય ચહેરા વચ્ચે સ્પર્ધાના સંયોગ

સુરતમાં વસતા લાખો પરપ્રાંતીયોના મતો પણ ભાજપની મજબુત વોટબેંક છે. તેથી તેનું મહત્વ સ્વીકારીને જયારે સૌરાષ્ટ્રવાસી મેયર હોય ત્યારે રાજસ્થાની, ઉત્તર ભારતીય કે મરાઠી નેતાને ડેપ્યુટી મેયર બનાવવાની પરંપરા છેલ્લા થોડા વરસોથી બની છે. મેયર મહિલા બનશે તેથી ડેપ્યુટી મેયરપદ માટે મરાઠી નેતાઓ સંજય પાટીલ, સુધાકર ચૌધરી, ભાઈદાસ પાટીલ, દીનાનાથ મહાજન જયારે રાજસ્થાની સમાજમાંથી દિનેશ રાજપુરોહિત અને ઉતર ભારતીય નેતા અમિતસિંહ રાજપૂત વચ્ચે સ્પર્ધા થઇ શકે છે. જેમાં પણ સિનીયર અને અનુભવી નેતા તરીકે સંજય પાટીલ પ્રબળ દાવેદાર રહેશે.

### શાસક પક્ષના નેતા પદ માટે ઘણા વિકલ્પો હોવાથી મૂંઝવણ વધશે

આ વખતે શાસક પક્ષના નેતા મોટા ભાગે સિનીયર નેતાઓને જવાબદારી સોંપાય છે. ગત ટર્મમાં પહેલી વખત મહિલા શાસકપક્ષ નેતા શશી ત્રિપાઠી ઉતર ભારતીયોનું પ્રતિનિધિત્વ કરતા હતા. જો કે આ વખતે મહિલા મેયર હોવાથી પુરૂષ નેતાને શાસકપક્ષ નેતા તરીકે જવાબદારી સોંપાય તેવી શકયતા છે.

શાસકપક્ષ નેતાના સમીકરણો ડેપ્યુટી મેયર પદ કોને મળે છે તેના પર નક્કી થાય છે. એટલે જેટલા દાવેદારો ડેપ્યુટી મેયર પદના છે તે બધા શાસકપક્ષ નેતા પદના પણ દાવેદારો ગણી શકાય. તેમાં પુર્વ ડેપ્યુટી મેયર ડો.નરેન્દ્ર પાટીલનું નામ ઉમેરાશે, પરંતુ જો મહિલાને શાસકપક્ષના નેતા બનાવાય તો આ વખતે ઉતરભારતીયોમાં સુધા પાંડે, રાજસ્થાની સમાજના રશ્મિ સાબુ, અને ગુજરાતી મહિલા કોર્પોરેટર તરીકે સિનીયર મહિલા કોર્પોરેટરો ગીતા રબારી, મનીષા આહીર અને જયશ્રી વરીયા વચ્ચે સ્પર્ધા રહેશે.

**પાટીદાર ચહેરામાં...**

સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં ભાજપને જીત અપાવવા માટે મહેનત કરનાર અલ્પેશ કથિરીયાને ઇનામ રૂપે તેના પત્ની અને અગાઉ કનસાડ નગરપાલિકામાં ભાજપના ઉપપ્રમુખ બનેલા તેના પત્નિ અને ભાજપના સિનીયર નેતા કાવ્યા પટેલ, જયારે કોર્પોરેશન અને સંગઠનમાં સિનીયર તરીકે રાંદેર ઝોનના ઉર્વશી પટેલ વચ્ચે સ્પર્ધા થઇ શકે. આ જો મોવડી મંડળ સુરતી મહિલાના નામ પર વિચાર કરે તો પહેલી વખત જ ચુંટણી લડેલા અને સ્થાનિક વિરોધ છતાં જીતી ગયેલા પ્રતિભા દેસાઇ અને બીજી ટર્મના કોર્પોરેટર તેમજ સી.આર.જૂથના નેન્સી શાહ અને આરએસએસનું બેકગ્રાઉન્ડ ધરાવતા સિનિયર કોર્પોરેટર વૈશાલી શાહ વચ્ચે સ્પર્ધા થઇ શકે. આ ઉપરાંત સિનીયોરિટીના ધોરણે મનીષા આહીર, ડિમ્પલ કાપડિયા અને જયશ્રી વરિયાના નામો પણ ચર્ચામાં આવી શકે.

**જીતી તો...**

મોવડીમંડળ દ્વારા નિરીક્ષકો મોકલીને તમામ કોર્પોરેટરોનો સેન્સ લેવામાં આવે છે. ત્યારબાદ બંધ પરબિડિયામાં 'મેન્ડેટ' મોકલવામાં આવે છે. આ વખતે મેયર પદ સામાન્ય મહિલા માટે અનામત હોવાથી, પ્રથમ સામાન્ય સભામાં જે તે પક્ષ તરફથી નક્કી કરાયેલા નામનો પ્રસ્તાવ મૂકવામાં આવશે. અને બહુમતીના આધારે મેયર તેમજ ડેપ્યુટી મેયરની વરણી કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે પરિણામોથી લઈને નવા મેયરના પદગ્રહણ સુધીમાં અંદાજે 15 થી 20 દિવસનો સમય લાગતો હોય છે. ત્યારબાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને અન્ય સમિતિઓના હોદ્દેદારોની નિમણૂક સાથે મહાનગરપાલિકાનું નવું શાસન કાર્યરત થશે.

**સ્ટેન્ડિંગ...**

અને શિક્ષિત તેમજ વહીવટી કુશળત ધરાવતા નેતાઓ ચુંટાઇ આવ્યા હોય, સૌરાષ્ટ્રવાસીમાં પૂર્વ મેયર દક્ષેશ માવાણી અને ભાજપ માટે મુશ્કેલ હતા તેવા વોર્ડ 5માંથી ચુંટાઇ આવેલા પુર્વ યુવા મોરચા પ્રમુખ મહેન્દ્ર દેસાઇ, સતત બીજી વખત જીતેલા ધર્મેશ ભાલાળા તેમજ જ્યાં પેનલ તૂટી છે તેવા વોર્ડ-12માંથી ચૂંટાયેલા અને પાર્ટી લાઇન સાથે ચાલતા બિનવિવાદી કિશોર મિયાણી વચ્ચે સ્પર્ધા થઇ શકે. તો સુરતી નેતાઓમાંથી સુરતી અને ઓબીસી બન્ને સમીકરણો સચવાય તેવા પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજન પટેલ, ઉપરાંત હર્ષ સંઘવીની નજીક મનાતા હિમાંશુ રાઉલજી અને વ્રજેશ ઉનડકટ તેમજ રાંદેર ઝોનમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય પુર્ણેશ મોદીના વિશ્વાસુ દિગ્વીજયસિંહ બારડ વચ્ચે સ્પર્ધા થઇ શકે.

**૩૪ વર્ષ...**

હત્યાનો પર્દાફાશ કોઈ ફિલ્મી વાર્તાથી ઓછો નથી. વટવાના કુટુંબ નગર ચોક પાસે આવેલા એક મકાનના કૂવાને ખોદીને ક્રાઈમ બ્રાન્ચે મહિલાના અવશેષો બહાર કાઢતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

વર્ષ ૧૯૯૨માં ફરઝાના ઉર્ફે શબનમ નામની મહિલાની હત્યા કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આ હત્યા 'ક્રાઈમ ઓફ પેશન' એટલે કે લગ્નેતર સંબંધોની શંકા અથવા વિવાદને કારણે કરવામાં આવી હતી. મુખ્ય આરોપી શમશુદ્દીને પોતાની પત્નીની હત્યા કર્યા બાદ લાશને બહાર ક્યાંય ફેંકવાને બદલે ઘરના જ કૂવામાં દાટી દીધી હતી અને ઉપરથી કૂવો પૂરી દીધો હતો. આ ગુપ્ત ગુનો છેલ્લા ત્રણ દાયકાથી તે જ ઘરની નીચે દબાયેલો રહ્યો હતો. મુખ્ય આરોપી શમશુદ્દીનનું અત્યારે કુદરતી રીતે અવસાન થઈ ચૂક્યું છે. જોકે, આ ગુનામાં તેને મદદ કરનાર અન્ય સહ આરોપીઓ અને સાક્ષીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા છે અને તેમની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે. ૩૪ વર્ષ જૂના આ કેસના પર્દાફાશે સાબિત કરી દીધું છે કે 'પાપ ક્યારેય છુપાયેલું રહેતું નથી'. અંધશ્રદ્ધા કે પ્રેતાત્મા- આત્માના ડરે કે ભ્રમે આખરે એક જઘન્ય અપરાધનું સત્ય બહાર લાવી દીધું છે. હાલમાં પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આટલા વર્ષો સુધી પરિવારના અન્ય કયા સભ્યોને આ વાતની જાણ હતી.

**રાજકોટમાં ૨૦...**

ટેક્સ કન્સલ્ટન્ટ આકાશ રમેશભાઇ કલોલીયા (ઉં.વ.૩૩) ને આપી દેવા માટે જણાવ્યું હતું.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીની ટીમે રાજકોટના એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલા ક્રીએટીવ કોમ્પ્લેક્સ ખાતે છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન, સુપરિટેન્ડન્ટ વતી ટેક્સ કન્સલ્ટન્ટ આકાશ કલોલીયાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના રૂ.૨૦,૦૦,૦૦૦ સ્વીકારતા જ એસીબીએ તેને દબોચી લીધા હતા. ત્યારબાદ મુખ્ય સૂત્રધાર મુકેશકુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. એસીબીએ લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આખો 6...**

બૈસાણેને ચપ્પુ મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ હુમલાખોરોએ ૧૯ વર્ષીય બોબી પર જીવલેણ પ્રહાર કર્યા હતા. બોબીએ પોતાનો જીવ બચાવવા હાથ આગળ ધરતા હુમલાખોરે પૂરી તાકાતથી ૬ ઈંચનું રેમ્બો ચપ્પુ માર્યું હતું, જે તેની આંગળીની આરપાર નીકળી ગયું હતું. આ દ્રશ્ય જોઈને હાજર લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ભાઈને બચાવવા પડેલા શની પર પણ આરોપી પ્રથમે કુહાડી વડે હુમલો કરી પગના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી.

## અનુસંધાન ... પાના પહેલાનું

**દિલ્હી હાઈકોર્ટમાં...**

દેખાયો હતો. બે વાર પોર્ન વીડિયો ચાલ્યો અને ત્રીજી વાર મ્યુઝિક વીડિયો ચાલ્યો. કોર્ટમાં 100થી વધુ જાહેર હિતની અરજીઓ પર સુનાવણી થઈ રહી હતી. આ મામલો તે દરમિયાન જ સામે આવ્યો હતો.

**હેટ સ્પીચ પર...**

અસરકારક અમલીકરણના અભાવે છે. જો FIR નોંધવામાં ન આવતી હોય તો કાયદામાં તેના માટે પહેલેથી જ વિવિધ સ્તરોની પ્રક્રિયાઓ ઉપલબ્ધ છે.

સુપ્રીમ કોર્ટે હેટ સ્પીચ અંગેની અરજીઓ ફગાવી દીધી છે અને અગાઉના આદેશોના ઉલ્લંઘન બદલ નોંધાયેલી અવમાનનાની અરજીઓ પણ બંધ કરી દીધી છે. જોકે, કોર્ટે કેન્દ્ર સરકારને છૂટ આપી છે કે જો તેઓ ઈચ્છે તો બદલાતા સામાજિક પડકારોને ધ્યાનમાં રાખીને લો કમિશનના 267મા રિપોર્ટ (2017) મુજબ જરૂરી સુધારા કે નીતિઓ ઘડી શકે છે.

**બંગાળમાં ઐતિહાસિક...**

દક્ષિણ બંગાળની 142 બેઠકો સત્તાનો રસ્તો નક્કી કરશે. 2021માં TMCએ આ વિસ્તારમાં 123 બેઠકો જીતી હતી. ભાજપ માટે જો 'નબન્ના' (સચિવાલય) સુધી પહોંચવું હોય તો આ ગઢમાં ગાબડું પાડવું અનિવાર્ય છે.

**EVM પર ટેપ મારવાના આક્ષેપો**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન હિંસક ઘટનાઓ અને ગંભીર આરોપો વચ્ચે સંપન્ન થયું છે. 142 બેઠકો પર રસાકસી જામી હતી, પરંતુ મેદાનમાં લોકશાહીની સાથે સંઘર્ષના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

**EVM સાથે છેડછાડના આક્ષેપો**

**બટન પર ટેપ:** ડાયમંડ હાર્બરના ફાલતામાં ભાજપે આરોપ લગાવ્યો કે EVM માં તેમના પક્ષના બટન પર ટેપ લગાવીને તેને બ્લોક કરી દેવાયું હતું.

**શાહીના ડાઘ:** પાનીહાટીમાં ભાજપના બટન પર શાહીના ડાઘા જોવા મળ્યા હતા, જેને બાદમાં સેનિટાઈઝરથી સાફ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે ખાતરી આપી છે કે જ્યાં ફરિયાદો સાચી જણાશે ત્યાં ફરીથી મતદાન યોજાશે.

**છૂટીછવાઈ હિંસા**

ઉત્તર 24 પરગણાની અરવિંદ રેલીમાં TMC અને ભાજપના કાર્યકરો વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હતો. ભારે સુરક્ષાબળો હોવા છતાં બંને પક્ષોએ લાકડીઓ અને મુક્કાઓથી એકબીજા પર હુમલો કર્યો હતો.

હાવડાના ઉદયનારાયણપુરમાં CRPF ના કથિત હુમલામાં એક વૃદ્ધનું મોત થયું હોવાનો TMC એ દાવો કર્યો છે. અભિષેક બેનર્જીએ આરોપ લગાવ્યો કે કેન્દ્રીય દળોએ વૃદ્ધને ધક્કો મારી મારપીટ કરી હતી, જેના કારણે હોસ્પિટલમાં તેમનું મોત થયું હતું.

**ભવાનીપુરમાં...**

સુવેન્દુએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. મતદાન દરમિયાન મમતા બેનર્જી અને સુવેન્દુ અધિકારી વચ્ચે સામસામે શાબ્દિક પ્રહારો થયા હતા. TMCએ કેન્દ્રીય દળો પર મહિલાઓ સાથે ગેરવર્તણૂક અને ડર પેદા કરવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ભાજપે TMC પર બૂથ કબજે કરવા અને EVM સાથે છેડછાડ (બટન પર ટેપ લગાવવી)ના આક્ષેપો કર્યા હતા. ભવાનીપુર વિધાનસભા બેઠક પર મતદાન દરમિયાન બુધવારે ચક્રબેરિયા વિસ્તારમાં અભૂતપૂર્વ દ્રશ્યો જોવા મળ્યા હતા. પશ્ચિમ બંગાળના રાજકારણના બે સૌથી મોટા પ્રતિસ્પર્ધીઓ - મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપના નેતા સુવેન્દુ અધિકારી - એક જ સમયે એક જ સ્થળે જોવા મળતા વાતાવરણમાં ભારે તણાવ સર્જાયો હતો. મમતા બેનર્જી ચક્રબેરિયાના એક પોલિંગ બૂથ પાસે પહોંચ્યા હતા અને ત્યાં એક ઘરના વરંડામાં લાંબો સમય બેસી રહ્યા હતા. તેમણે ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, "TMC ના કાર્યકરોને હેરાન કરવામાં આવી રહ્યા છે, તેમની સંખ્યા ઘટાડવા પ્રયાસ થઈ રહ્યો છે અને પક્ષના ઝંડા જાણીજોઈને હટાવવામાં આવી રહ્યા છે." મમતા બેનર્જી જે ઘરના વરંડામાં બેઠા હતા, તેનાથી થોડા જ ફૂટના અંતરે બરાબર સામે સુવેન્દુ અધિકારી પણ આવી પહોંચ્યા હતા.

બંને નેતાઓ વચ્ચે કોઈ સીધી વાતચીત તો ન થઈ, પણ તેમની હાજરીએ સુરક્ષાબળો અને સમર્થકોમાં ભારે દોડધામ મચાવી દીધી હતી.

**ઈંધણના ભાવમાં...**

2027માં એલપીજી નુકસાન વધીને રૂ. 80,000 કરોડ સુધી પહોંચી શકે છે, જ્યારે ખાતર સબસિડીનો બોજ વધીને રૂ. 2.05-2.25 લાખ કરોડ થવાનો અંદાજ છે, જે બજેટમાં નિર્ધારિત રૂ. 1.71 લાખ કરોડ કરતાં વધારે છે.

**એક્ઝિટ પોલ્સ કેટલા...**

શક્યા નહોતા. LDFએ અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન કરીને 99 બેઠકો મેળવી હતી.

**આસામ:** ચારેય રાજ્યોમાં આસામના પરિણામો એક્ઝિટ પોલ્સની સૌથી નજીક રહ્યા હતા. મોટાભાગની એજન્સીઓએ ભાજપની વાપસીની સચોટ આગાહી કરી હતી અને ભાજપે ગઠબંધન સાથે 75 બેઠકો જીતી હતી.

**મોદી કે દીદી?:...**

મળવાની શક્યતા.

**કોંગ્રેસ પ્લસ:** વિપક્ષી ગઠબંધન 25થી 35 બેઠકોની આસપાસ સમેટાઈ શકે છે.

**4. કેરળ (કુલ બેઠકો: 140 | બહુમતી: 71)**

કેરળમાં દર પાંચ વર્ષે સત્તા બદલવાની પરંપરા ફરી જોવા મળી શકે છે. જો કે આ વખતે 10 વર્ષ બાદ!

**UDF (કોંગ્રેસ ગઠબંધન):** 75થી 90 બેઠકો સાથે વાપસી કરી શકે છે.

**LDF (ડાબેરી ગઠબંધન):** સત્તા ગુમાવી શકે છે, તેમને 50થી 65 બેઠકો મળવાનો અંદાજ છે.

**5. પુડુચેરી (કુલ બેઠકો: 30 | બહુમતી: 16)**

અહીં ભાજપ પ્રેરિત NDA (AINRC પ્લસ) સ્પષ્ટ બહુમતી સાથે સત્તા જાળવી રાખશે તેવી પૂરેપૂરી શક્યતા છે (16-20 બેઠકો).

આ માત્ર એક્ઝિટ પોલના અંદાજો છે, જે ભૂતકાળમાં ઘણીવાર ખોટા પણ સાબિત થયા છે. પાંચેય રાજ્યોના સત્તાવાર પરિણામો 4 મે, 2026 (સોમવાર)ના રોજ જાહેર કરવામાં આવશે.

**દિલ્હી ડાયરી...**

ક્લિપ્સ સોશિયલ મીડિયા પર દેખાઈ હતી, જેનાથી માનનીય જજ અને હાઈકોર્ટ નારાજ થયા હતા.

**લોકશાહીનો ઉત્સવ: એક પ્રેરણાદાયી મતદાતા**

ઘરબેઠા મતદાનની સુવિધા હેઠળ ઉત્તર બંગાળના એક મતવિસ્તારમાં લોકોના ઘરે જતી વખતે, ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ)ની ટીમને અહેસાસ થયો કે રાજકીય પક્ષોના સમર્થકો વચ્ચેની કડવાશ અને હિંસાથી પર ચૂંટણીની એક સુખદ બાજુ પણ છે.

જ્યારે ચૂંટણી પંચના અધિકારીઓ એક વયોવૃદ્ધ મહિલાનો મત લેવા ગયા ત્યારે તેમણે અધિકારીઓને પાણી અને મીઠાઈ આપી. ત્યાર બાદ, સાધારણ સાડી પહેરેલી તે મહિલાએ ટીમને થોડીવાર રાહ જોવા કહ્યું. આશરે ૧૦ મિનિટ પછી, ૯૦ વર્ષ વટાવી ચૂકેલા તે મતદાતા તેમની સાડીના રંગને અનુરૂપ મોટી બિંદી અને લિપસ્ટિક લગાવીને સજ્જ થઈને આવ્યા. તેમણે રાહ જોતી ટીમને કહ્યું, "વોટ આપીશ, પણ શું ગમે તેમ રહીને વોટ આપી શકાય?" મતદાન હંમેશાં માત્ર રસાકસીભરી સ્પર્ધા વિશે નથી હોતું; કેટલાક લોકો માટે તે તેમના બોરિંગ જીવનમાંથી સ્વાગતપાત્ર બદલાવનો સંકેત છે.

90 વર્ષીય આ મતદાતાનો ઉત્સાહ દર્શાવે છે કે, ભારતના નાગરિકો મતદાનની પ્રક્રિયાને કેટલું સન્માન આપે છે. તેમના માટે આ કોઈ ઉત્સવથી ઓછું નથી.


**ગુજરાત સરકાર**

નર્મદા,જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**ઇ-ટેન્ડર નોટીસ નં-૦૧ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી, કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા-૩૯૩૧૪૯ ફોન નં.૦૨૬૧-૨૨૨૮૯૯/ ૨૨૦૧૩૪ ની કચેરીએથી તેમના તાબા હેઠળના ધોલી સિંચાઇ પેટા વિભાગ, રાજપારડી હસ્તકની નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન (ઇ-ટેન્ડરીંગ) પધ્ધતિ થી ગુજરાત રાજયના માર્ગ અને મકાન તથા જળસંપતિ વિભાગ હેઠળ 'એ' વર્ગ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુનામાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી/ બાનાની રકમ | કોન્ટ્રાકટર શ્રેણી |
|---|---|---|---|---|
| (૧) | રબલ પિચિંગ રિસ્ટોરેશન વર્ક ઓફ બલદેવા ઈરીગેશન સ્કિમ | ૩,૧૦,૭૩,૭૯૨.૯૫/- | ૬૦૦૦/- રૂ. ૧૧,૦૦૦/- | એ "વર્ગ અને તેની ઉપરની શ્રેણી |
| (૨) | ટેન્ડર ડાઉન લોડ તેમજ બીડ સબમીશન શરૂ થવા તારીખ અને સમય | | તા. ૦૧-૦૫-૨૦૨૬, ૦૦.૦૦ કલાક સુધી | |
| (૩) | ઓનલાઇન બીડ ભરવાની અંતીમ તારીખ અને સમય | | તા. ૦૧-૦૬-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી | |
| (૪) | ફીઝીકલ ડોક્યુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ. | | તા. ૦૮-૦૬-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી | |
| (૫) | સંપર્ક સાધવાની કચેરીનું સરનામું | | કાર્યપાલક ઇજનેરશ્રી સિંચાઇ યોજના વિભાગ નં.૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૯ ફોન નં.૦૨૬૪૦-૨૨૨૮૯૯/ ૨૨૦૧૩૪ | |

રાજય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટwww.nprocure.com અને www.statetenders.com ઉપર જોવા મળી શકશે.

આ કામઓની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.

માહિતી/નર્મદા/૮/૨૦૨૬-૨૭